Seat No. : _______________

# NR-113

**December-2015**

**B.A., Sem.-I**

**Elective (EC-I) 103 : Gujarati**

**(‘સુદામાચરિત્ર’ – પ્રેમાનંદ)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (1) આ પ્રશ્નપત્રમાં કુલ **પાંચ** પ્રશ્નો છે ને દરેક પ્રશ્નના ગુણ સરખા છે.
(2) જમણી બાજુએ લખેલા અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

1. આખ્યાનનું સાહિત્યસ્વરૂપ તેનાં વ્યાવર્તક લક્ષણો સહિત સમજાવો. **14**

**અથવા**

આખ્યાનનો ઉદ્‌ભવ જણાવી, તેની વિકાસરેખા આલેખો.

2. આખ્યાનના ઘટક તત્ત્વોને અનુલક્ષીને ‘સુદામાચરિત્ર’નું વિસ્તૃત મૂલ્યાંકન કરો. **14**

**અથવા**

“કૃષ્ણ અને સુદામાની મૈત્રી એટલે મૈત્રીનો એક અનોખો આદર્શ” – આ વિધાનની કૃષ્ણ-સુદામાની મૈત્રીના સંદર્ભે સમીક્ષા કરો.

3. ‘સુદામાચરિત્ર’માં કવિ પ્રેમાનંદે મૂળ કથા સાથે કેવા-કેવા ફેરફારો કર્યા છે તે સદ્દષ્ટાંત ચર્ચો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**)
(1) ‘સુદામાચરિત્ર’માં વર્ણનકલા
(2) ‘સુદામાચરિત્ર’ની ભાષાશૈલી
(3) ‘સુદામાચરિત્ર’માં મંગલાચરણ અને ફલશ્રુતિ
(4) સુદામા-સુદામાપત્નીનો ગૃહસંસાર

4. (a) એચ.કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં ગુજરાતી વિષયના વ્યાખ્યાતાની જગ્યા માટે કૉલેજના આચાર્યશ્રીને અરજી કરો. **8**

**અથવા**

અમદાવાદ શહેરમાં નવરાત્રિ નિમિત્તે ઘોંઘાટનું પ્રદૂષણ વધી ન જાય તે માટે પોલીસ કમિશ્નરશ્રીને જાહેર હિતની અરજી કરો.

(b) મરિચી, વીજિગિષા, સૂદિર્ઘ, જ્યોતિસ્નકા – માંથી કોઈપણ **બે** શબ્દોની જોડણી સુધારી ફરીથી લખો. **2**

(c) હોડ, વાતાયન, રહનુમાઈ, નિષ્કર્ષ - માંથી કોઈપણ **બે** શબ્દોના સમાનાર્થી શબ્દો આપો. **2**

(d) રાગ, શાશ્વત, પહોળું, પ્રત્યક્ષ - માંથી કોઈપણ **બે** શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો જણાવો. **2**

5. નીચેના પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર લખો : **14**

(1) કવિ પ્રેમાનંદ કયા શતકમાં જીવનકાળ ધરાવે છે ?
(a) સત્તરમા (b) પંદરમા (c) સોળમા (d) બારમા

(2) કવિ પ્રેમાનંદના પિતાનું નામ શું હતું ?
(a) કૃષ્ણરામ (b) કૃષ્ણરાય (c) વિષ્ણુદાસ (d) ગોપાલદાસ

(3) કવિ પ્રેમાનંદે આજીવિકા અર્થે ક્યાં-ક્યાં વસવાટ કર્યો ?
(a) વડોદરા-અમદાવાદ (b) સુરત-ભરુચ
(c) વલસાડ-વાપી (d) સુરત-નંદરબાર

(4) નીચેનામાંથી કઈ પ્રેમાનંદની કૃતિ નથી ?
(a) નળાખ્યાન (b) સુધન્વા આખ્યાન
(c) મદનમોહના (d) રણયજ્ઞ

(5) 'સુદામાચરિત્ર'માં કેટલાં કડવાં છે ?
(a) 15 (b) 14 (c) 16 (d) 13

(6) કવિ પ્રેમાનંદના મહાભારત આધારિત આખ્યાનનું નામ જણાવો.
(a) શામળશાનો વિવાહ (b) સુદામાચરિત્ર
(c) દશમસ્કંધ (d) નળાખ્યાન

(7) કૃષ્ણની પટરાણીઓમાં વાંકાબોલા કોણ છે ?
(a) સત્યભામા (b) રુક્મિણી (c) જાંબવંતી (d) લક્ષ્મણા

(8) સુદામા કયું વ્રત પાળતા હતા ?
(a) એકાદશી (b) અજાચક વ્રત (c) પૂનમનું વ્રત (d) બીજનું વ્રત

(9) 'સુદામાચરિત્ર'ની કથા ક્યાંથી લેવામાં આવી છે ?
(a) હરિવંશ પુરાણ (b) દશમસ્કંધ
(c) મહાભારત (d) વિષ્ણુપુરાણ

(10) કૃષ્ણ-સુદામા કયા ગુરુને ત્યાં અભ્યાસ કરતા હતા ?
(a) વસિષ્ઠ ઋષિ (b) સાંદીપનિ ઋષિ
(c) વિશ્વામિત્ર (d) ભૃગુઋષિ

(11) કડવાના અંતિમ ભાગને શું કહે છે ?
(a) ફલશ્રુતિ (b) ઢાળ (c) મંગલાચરણ (d) વલણ

(12) 'સુદામાચરિત્ર'માં આવતાં 'જ્યેષ્ટિકા' શબ્દનો અર્થ શું છે ?
(a) વાડકી (b) ઝૂંપડી (c) લાકડી (d) લંગોટી

(13) 'હું વીનવું જોડી બે હાથ' – કોણ કહે છે ?
(a) સુદામો (b) સુદામાપત્ની (c) શ્રીકૃષ્ણ (d) રુક્મિણી

(14) 'સુદામાચરિત્ર'ની કથા શુકસ્વામી કોને કહે છે ?
(a) પરીક્ષિત (b) વિદુર (c) વેદવ્યાસ (d) ભીષ્મ